ફો.ન ૧૨

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, નિયામકશ્રી, સમાજ સુરક્ષા અને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની કલ્યાણકારી યોજનાઓમાં આવક મર્યાદામાં સુધારો/વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૪/૪૩૮/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૨૪ /૧૦/૨૦૧૭

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૦-૧૨-૨૦૦૧ ઠરાવ ક્રમાંકઃ-સશપ/૧૦૨૦૦૧/ન.બા./૪/અ.૧
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૭-૦૪-૨૦૧૨ ઠરાવ ક્રમાંકઃ-સશપ/૧૦૨૦૧૨/૧૪૪/અ.૧
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૭-૦૮-૨૦૧૪ ઠરાવ ક્રમાંકઃ-સશપ/૧૦૨૦૧૨/૪૩૮/અ.૧

ઠ રા વઃ-

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના નિયામકશ્રી, વિકસતી જાતિ તેમજ નિયામકશ્રી, સમાજ સુરક્ષા તથા નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા દ્વારા રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો અમલ કરવામાં આવે છે, જેમાં વંચાણે લીધેલા ક્રમાંક (૧) અને (૩) ના ઠરાવોથી આવક મર્યાદાનું ધોરણ જે યોજનાઓમાં ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક રૂ. ૪૭૦૦૦/- કે ઓછી અને શહેરી વિસ્તાર માટે વાર્ષિક રૂ. ૬૮૦૦૦/- આવક મર્યાદા ઠરાવવામાં આવેલ હતી. પરંતુ હાલની વધતી જતી મોંઘવારી, જીવનધોરણનો ઉંચો આંક વગેરે જોતાં આવક મર્યાદા ઘણી ઓછી છે, જેના કારણે હાલમાં આ જાતિઓ માટેની રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓમાં નક્કી કરેલ લક્ષ્યાંક મુજબની અરજીઓ મળતી નથી તેમજ આવકનું પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારીઓ પ્રમાણપત્રો આપવામાં મુશ્કેલી અનુભવે છે તેથી તેમાં વધારો કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, વિકસતી જાતિ તથા નિયામકશ્રી, સમાજ સુરક્ષા અને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની હાલની ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક આવક મર્યાદા રૂ.૪૭,૦૦૦/- કે તે કરતાં ઓછી હોય તેમાં વધારો કરીને આ ધોરણ વાર્ષિક રૂ. ૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં હાલની વાર્ષિક આવક મર્યાદા જે રૂ. ૬૮,૦૦૦/- છે તેમાં વધારો કરીને આ ધોરણ વાર્ષિક રૂ. ૧,૫૦,૦૦૦/- ની આવક મર્યાદા કરવાનું નીચેની શરતોએ ઠરાવવામાં આવે છે.

(૧) ચાલુ નાણાકીય વર્ષમાં અંદાજપત્રીય જોગવાઇની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) જે યોજનાઓમાં આવક મર્યાદામાં વધારો થનાર છે, તે તમામ યોજનાઓની અન્ય શરતો યથાવત રહેશે.

(૩) જે યોજનામાં જરૂરી જણાય ત્યાં આ અંગેની ચાલુ નાણાકીય વર્ષમાં સુધારેલ અંદાજપત્રમાં જરૂરી જોગવાઇ કરી લેવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૩/૧૦/૨૦૧૭ તથા સરકારશ્રીની તા. ૨૩ /૧૦/૨૦૧૭ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે.જી.વણઝારા )
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

નકલ રવાના:-

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન. મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓ, સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સા.ન્યા.અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય,ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી / જિલ્લા નાયબ નિયામકશ્રીઓ .(સંબંધિત નિયામકશ્રી મારફતે)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ. (સંબંધિત નિયામકશ્રીઓ મારફતે)
- વિભાગની સર્વેશાખાઓ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
-સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટમાં મુકવા જરૂરી કાર્યવાહી સારૂ)
- સિલેક્ટ ફાઇલ